# શ્રી દશા પાલીવાલ બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા આયોજીત

# ૩૯-મો તેજસ્વી તારલા સન્માન સમારોહ - ૨૦૨૬

## જ્ઞાતિના હૃદયસમા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો...

આપણા જ્ઞાતિના તેજસ્વી તારલાઓનું સન્માન આપણા બ્રહ્મ સમાજ દ્વારા તા.26-07-2026 ને રવિવારના રોજ સવારે 08-30 કલાકે શ્રી અટલબિહારી બાજપેય હોલ, મોતીબાગ ટાઉન હોલની બાજુમાં ભાવનગર ખાતે યોજાનાર છે. તો આપની જરૂરી માહિતી તા.30-06-2026 સુધીમાં ઓનલાઈન અપલોડ કરશો. તે પછી આવેલી માહિતી ધ્યાનમાં લેવામાં નહિં આવે. તેજસ્વી તારલાઓનું સન્માન સંતો, જ્ઞાતિના હોદ્દેદારો, આગેવાનો, વડીલો, વાલીઓની હાજરીમાં કરવામાં આવશે.

| 75% થી વધારે | નિયમોને આધિન | ફક્ત પાસ | 55% થી વધારે |
|---|---|---|---|
| ધો.10 (એસ.એસ.સી)<br>ધો.12 (આર્ટસ/કોમર્સ)<br>પી.ટી.સી. (D.EL.ED)<br>સી.પી.એડ્<br>બી.એડ્. | 12 SCIENCE 2026<br>( 70% વધારે)<br>JEE MAINS 2026<br>JEE ADVANCED 2026<br>GUJCET 2026 (નિયમોને આધિન) | M.B.B.S.,<br>M.D., M.D.S.,<br>M.C.H., D.N.B,<br>BAMS, BHMS<br>B.D.S., Ph.D.<br>C.A. C.S NEET PG 2025 | M.Sc. LL.M<br>M.A., M.ed<br>M.com, M.S.W<br>M.B.A. M.C.A. M.R.S.<br>M.Sc (Agri) |

| 6 પોઈન્ટથી વધારે | 55% થી વધારે | 55% થી વધારે | 70% થી વધારે |
|---|---|---|---|
| B.E., B.Tech.<br>M.E., M.Tech,<br>B.Pharm<br>M. Pharm<br>Diploma Engineering | B.V.Sc, B.P.T<br>Lab Tech<br>X-Ray Tech.<br>GNM<br>B.Sc. Nursing | B.A., B.B.A.<br>B.Com, B.Sc.<br>B.Sc. (Agri)<br>BBA. BCA<br>LLB, B.S.W, BRS | આઇ.ટી.આઇ<br>OTHER<br>ANM Nursing (60% થી વધારે)<br>યુનિ. માં ચાલતા 1 કે 2 વર્ષના (ડિપ્લો) કોર્ષ 70%થી વધુ |

એક વખત રજીસ્ટ્રેશન કરવું. ઓનલાઇન રજીસ્ટ્રેશનમાં તકલીફ થાય તો માર્ગદર્શન માટે નીચેના નંબરમાં કોન્ટેક્ટ કરવો.

## || માર્ગદર્શન માટે સંપર્ક ||

ભરતભાઈ પી. બારૈયા (મોહરા કોમ્પ્યુટર)
મો. 9998909730
ભરતભાઈ વી. પંડયા (શ્રી સત્યનારાયણ વિદ્યાલય, સથરા)
મો. 9428639377
મોહનભાઈ જે. બારૈયા (ભડી પ્રાથમિક શાળા)
મો. 9427746581
બાલકૃષ્ણભાઈ જી. પાઠક (રેલવે વિભાગ, ભાવનગર)
મો. 9424097304
કુલદીપભાઈ બી. પંડયા મો. 9428108358

રાજેશભાઈ આર. પંડયા (સર ટી હોસ્પીટલ, ભાવનગર)
મો. 9898871981
અરવિંદભાઈ એમ. ભટ્ટ (શારદા મંદિર હાઈસ્કૂલ, દેવલી)
મો. 9429234829
આશિષભાઈ બી. ધાંધલ્યા (શ્રી સત્યનારાયણ વિદ્યાલય, સથરા)
મો. 7600587810
અશ્વિનભાઈ બી. જાની (ગોપાલ ટ્રેડર્સ)
મો. 9428810071
રાકેશભાઈ એન. બારૈયા મો. 9427820776

આ લિંક ઓપન કરી આપણી જ્ઞાતીની Dasha Paliwal નામની એપલીકેશન ઓપન કરી તમારા ફોનમાં ઇન્સ્ટોલ કરવાની રહેશે. અથવા નિચે આપેલ QR CODE સ્કેન કરીને પણ લિંક ઓપન કરી શકાય છે.

https://play.google.com/store/apps/details?id=com.dashapaliwal

# શ્રી દશા પાલીવાલ બ્રાહ્મણ જ્ઞાતી દ્વારા આયોજીત 39 માં તેજસ્વી તારલા સન્માન સમારોહ 2026 નું ઓનલાઇન રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા માટેની માર્ગદર્શીકા

## ફોર્મ ભરતા પહેલા નિચે મુજબ તૈયારી રાખવી.

1. પહેલા આખુ ઓનલાઇન ફોર્મ વાચો અને સમજો. જે કઇ પણ ના સમજાય તે ભરતભાઇ બારૈયા (મોહરા કોમ્પ્યુટર) મો. 9998909730 તેમજ રાકેશભાઇ બારૈયા મો. 9427820776 ને ફોન કરી સમજી લો.
2. તાજેતર નો પાસપોર્ટ સાઇજનો ફોટો આપના કોમ્પ્યુટર કે મોબાઇલમાં તૈયાર રાખો.
3. આપ જે ડિગ્રીમાં ફોર્મ ભરવા માંગતા હોવ તેની ઓરીજનલ કલર વાળી ડિગ્રીની 10 MB સુધીની સ્પસ્ટ વાંચી શકાય તેવી PDF તૈયાર રાખો.
4. જો આપ 12 સાઇન્સ A Group કે B Group માં હશો તો એક કરતા વધારે ડિગ્રી આપની પાસે હશે. તો દરેકની અલગ અલગ ઓરીજનલ કલર વાળી ડિગ્રીની 10 MB સુધીની સ્પસ્ટ વાંચી શકાય તેવી PDF file તૈયાર રાખો.
5. સેમેસ્ટર સીસ્ટમવાળા કોર્સમાં છેલ્લા સેમેસ્ટરની માર્કશીટ જોડવી.તેમાં આગળના તમામ સેમેસ્ટરના માર્ક્સ સામેલ હોવા જોઇએ.
6. તમારુ આધાર કાર્ડ સાથે રાખો.

## ઓન લાઇન ફોર્મ ભરવા માટે નિચે મુજબના સ્ટેપને અનુસરવાના રહેશે.

(ઓન લાઇન ફોર્મ આપ આપના મોબાઇલ કે કોમ્પ્યુટર માંથી ભરી શકશો.)
ઓફ લાઇન ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. તેમજ તા. 30-06-2026 પછી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

**સૌ પ્રથમ આપેલ લિંક ઓપન કરો.**

Application Link :
https://play.google.com/store/apps/details?id=com.dashapaliwal

આ લિંક ઓપન કરી આપણી જ્ઞાતીની **Dasha Paliwal** નામની એપલીકેશન ઓપન કરી તમારા ફોનમાં  ઇન્સ્ટોલ કરવાની રહેશે. અથવા નિચે આપેલ **QR CODE** સ્કેન કરીને પણ લિંક ઓપન કરી શકાય છે. આમ કરતા નિચે મુજબની સ્કીન જોવા મળશે. જેમા હમણા રજીસ્ટર કરો પર ક્લીક કરતા જે ફોર્મ ખુલે તેમા નિચે મુજબની માહીતી ભરી અને 2 વખત ચેક કરી નોંધણી કરો બટન પર ક્લીક કરતા આપનું ફોર્મ સબમીટ થયાનો મેસેજ દેખાશે.



1. વિદ્યાર્થીનો આધાર કાર્ડ નંબર લખો.
2. વિદ્યાર્થીનું પુરુ નામ માં લખો. (અંગ્રેજીમાં કેપીટલમાં માર્કશીટ મુજબ)
3. મુળ ગામ નું નામ લખો.
4. વિદ્યાર્થીનો મોબાઇલ નંબર લખો.
5. વિદ્યાર્થીનું કાયમી સરનામુ લખો.
6. વિદ્યાર્થી અથવા વાલીનો વોટસએપ નંબર લખો.
7. વિદ્યાર્થીનું અથવા વાલીનું Email આઇ.ડી. લખો.
8. તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો જોડો.(ફોટો સર્ટીફીકેટ તેમજ શિલ્ડમાં મુકવાનો હોય મોડેલીંગ નહી ચાલે)
9. પરીક્ષા પાસ કર્યાનું વર્ષ લખો. (ગયા વર્ષે તા.30-06-2025) પછી જેમનું રીઝલ્ટ આવેલ હોય તેમને આ વર્ષે સન્માનીત કરી શકાશે.
10. વિદ્યાર્થીએ જે પરીક્ષા પાસ કરી તે સિલેક્ટ કરો. (આપેલ ડિગ્રી માંથી તમારી ડિગ્રી સિલેક્ટ કરવાની છે આપેલ ડિગ્રી સિવાયની કોઇ ડિગ્રી આપની પાસે હોય તો Other સિલેક્ટ કરી તમારી ડિગ્રીનું નામ લખો. કમીટી દ્વારા તેનો નિર્ણય કરવામાં આવશે.
11. જે પરીક્ષા પાસ કરવામાં આવી છે તેના Total Marks (કુલ માર્કસ) લખો.
12. જે પરીક્ષા પાસ કરવામાં આવી છે તેમના મેળવેલ માર્કસ લખો.
13. ટકાવારી આપો આપ આવી જશે.

**નોંધ : કમીટી દ્વારા ટકાવારી નક્કી થયેલ હોવાથી આપેલ ટકાવારી હશે તો જ આપનું ફોર્મ સબમીટ થઇ શકશે.**

14. HSC SCIENCE GROUP A અને B માં - કેટેગરીઓ તમારી યોગ્યતા મુજબ ભરો, તમને આમા થી કોઈ એક કેટેગરીમા સન્માનિત કરવા મા આવશે.
15. જો તમે SPORTS માં હોવ તો શાળાકીય અને ખેલ મહાકુંભ માં રાજ્યકક્ષાએ 1,2,3 નંબર મેળવેલ હોય, રાષ્ટ્ર કક્ષાએ 1,2,3 નંબર મેળવેલ હોય તેમને સન્માનીત કરવામાં આવશે. (ફેડરેશન ને ધ્યાને લેવામાં આવશે નહી)

**નોંધ : આપની બધી માહીતી ભરાય જાય પછી દરેક માહીતી 2 વખત સાવધાની પુર્વક વાચી લેવી અને જે ડોક્યુમેંટ અપલોડ કરવાના છે તે બરોબર અપલોડ કર્યા છે કે નહી તે ચેક કરી લેવુ.**

16. ત્યાર બાદ નોધણી કરો ના બટન પર કલીક કરવુ. અને ત્યારે તમારી સ્કીન પર તમારૂ ફોર્મ સફળતા પુર્વક સબમીટ થઇ ગયુ છે તેવો મેસેજ દેખાશે. જેનો સ્કીન શોર્ટ તમારે તમારી પાસે રાખવાનો રહેશે.




નોંધ : જ્ઞાતીના દરેક તેજસ્વી તારલા ને વિનંતી છે કે તમારૂ ઓન લાઇન રજીસ્ટ્રેશન એક જ વખત તમે જાતે ભરશો. હાર્ડ કોપીમાં તેમજ ઓન લાઇન ફોર્મ તા.30-06-2026 પછી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

આભાર સહ.....